JAI HIND

'19 JUL 2017

# વિશ્વ વસ્તી દિન નિમિત્તે નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ


આણંદ, તા. ૧૮

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સિમકોમ કોલેજ દ્વારા નિબંધ લેખન સ્પર્ધા તા. ૧૧ જુલાઈએ યોજાઈ હતી. આ સ્પર્ધામાં ભારતીય અર્થતંત્રની મુદ્રાકરણ, ભારતીય વસ્તી અને વસ્તીવિષયક લાભાંશ, સ્વચ્છ ભારત, પડકારો અને ઉકેલો, શિક્ષણ એ વ્યક્તિત્વ વિકાસનો માર્ગ વિષયો હતા. આ સ્પર્ધામાં કુલ ૧૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આચાર્ય ડો. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ કો-ઓર્ડિનેટર પ્રા.સુનિલ ચૌધરીએ સ્પર્ધાને સફળ બનાવી હતી.

SANDESH

18 JUL 2017

# સેમકોમમાં નિબંધ સ્પર્ધા યોજાઇ



વલ્લભવિદ્યાનગર : ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા નિબંધ લેખન સ્પર્ધાનુ આયોજન કરવામા આવ્યુ હતું. જેમાં ભારતીય ્ર્થતંત્રની મુદ્રાકરણ, વસ્તી અને વસ્તીવિષયક લાભાંશ, સ્વચ્છ ભારત: પડકારો અને ઉકેલો, શિક્ષણ એ વ્યક્તિત્વ વિકાસનો માર્ગ વિષયો ઉપર યોજાયેલી સ્પર્ધામાં કુલ ૧૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રિ.ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ કો-ઓર્ડી. પ્રા. સુનિલ ચૌધરીએ સ્પર્ધાને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

NAYA PADAKAR

18 JUL 2017

# સેમકોમ કોલેજ ખાતે વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ



સેમકોમ કોલેજ ખાતે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : સલીમ, મમતા સ્ટુડીયો, વિદ્યાનગર)

આણંદ, તા. ૧૭

ચારુતર વિદ્યા મંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભારતીય અર્થતંત્રની મુદ્રાકરણ, ભારતીય વસ્તી અને વસ્તી વિષયક લાભાંશ, સ્વચ્છ ભારત : પડકારો અને ઉકેલો, શિક્ષણ એ વ્યકિતત્વ વિકાસનો માર્ગ વિષયો હતા.

આ સ્પર્ધામાં કુલ ૧૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આચાર્ય ડો. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ કો.ઓર્ડીનેટર પ્રા. સુનિલ ચૌધરીએ આ સ્પર્ધાને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

SARDAR GURJARI

17 JUL 2017


# વિશ્વ વસ્તી દિનની ઉજવણી

## સેમકોમ કોલેજ વિદ્યાનગર



ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભારતીય અર્થતંત્રની મુદ્રાકરણ, ભારતીય વસ્તી અને વસ્તીવિષયક લાભાંશ, સ્વચ્છ ભારત : પડકારો અને ઉકેલો, શિક્ષણ એ વ્યક્તિત્વ વિકાસનો માર્ગ વિષયો હતાં. આ સ્પર્ધામાં કુલ ૧૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આચાર્ય ડો. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ કો-ઓર્ડિનેટર પ્રા. સુનિલ ચૌધરી એ આ સ્પર્ધાને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# સેમકોમ કોલેજમાં ફાઈન આર્ટ્સ સ્પર્ધા તથા પ્રદર્શન યોજાયું



સેમકોમ કોલેજ ખાતે યોજાયેલ વિવિધ ફાઈન આર્ટ્સ સ્પર્ધામાં ભાગ લઈ રહેલી વિદ્યાર્થિની રંગોળી બનાવી રહી છે. બાજુની તસ્વીરમાં પોસ્ટર પ્રદર્શન નિહારતા વિવિધ શાળાના વિદ્યાર્થીઓ નજરે પડે છે. (તસ્વીર : સલીમ મમતા સ્ટુડીઓ, વિદ્યાનગર)

વિદ્યાનગર, તા. ૨૪

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે તા. ૧૨ જુલાઈ ૨૦૧૭ થી તા. ૧૮ જુલાઈ ૨૦૧૭ સુધી ફાઈન આર્ટ્સ સ્પર્ધાનું તથા પ્રદર્શન યોજવામાં આવ્યું.

વિદ્યાર્થીઓએ ઓનધી સ્પોટ પેઈન્ટીંગ, કલે મોડેલિંગ, કાર્ટૂનીંગ, રંગોળી, પોસ્ટર મેકિંગ, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ અને એનવાયરમેન્ટ ફ્રેન્ડલી ક્રિએટીવ આર્ટ એન્ડ ક્રાફ્ટ જેવી સ્પર્ધાઓનું આયોજન કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ગ્લોબલ વોર્મિંગ, સ્વચ્છતા અભિયાન, સેવ વોટર, સેવ ગર્લ ચાઈલ્ડ જેવા વિષયોને લઈને પોસ્ટર બનાવ્યા હતા. જ્યારે કલે મોડેલિંગમાં લાગણીઓ દર્શાવતી, પ્રાણીઓ વગેરે ઉપર ઘણી બધી પ્રતિકૃતિઓ બનાવી હતી.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે સીવીએમ કોલેજ ઓફ ફાઈન આર્ટ્સના પ્રાધ્યાપકો ક્રિષ્ના પડીયા અને શ્રીમતી અવની પટેલે સેવાઓ આપી હતી.

સ્પર્ધાના અંતમાં કૃતિઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેની વિવિધ સ્કુલોના વિદ્યાર્થીઓ અન્ય મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી. આચાર્ય ડો. વહીદા થોમસના માર્ગદર્શન પ્રા. હર્ષિદા પટેલ અને ડો. કોમલ મિસ્ત્રીના સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમને ઝળહળતી સફળતા મળી હતી.

25 JUL 2017

NAYA PADAKAR

SANDESH

25 JUL 2017

# સેમકોમ કોલેજમાં ફાઇનઆર્ટસ સ્પર્ધા-પ્રદર્શન યોજાયુ



વલ્લભવિદ્યાનગર : સેમકોમ કોલેજ-ચા.વિ. મંડળ સંચાલિત મા ૧૨ થી ૧૮ જુલાઈ દરમ્યાન ફાઈન આર્ટસ સ્પર્ધા તથા પ્રદર્શનનુ આયોજન કરવામા આવ્યુ હતું. ૩૫૦ વિદ્યાર્થીઓએ ઓન ધ સ્પોટ પેઈન્ટીંગ, કલે મોડલીંગ, કાર્ટુનીંગ, રંગોળી, પોસ્ટર મેકીંગ, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. પ્રા. ક્રિષ્ના પડીયા, અવની પટેલ, પ્રિ. ડૉ. વહીદા થોમસ, પ્રા.હર્ષિદા પટેલ, ડૉ. કોમલ મિસ્ત્રીની ઉપસ્થિતિમાં સ્પર્ધકો દ્વારા રચાયેલ કૃત્તિઓનુ પ્રદર્શન યોજાયુ હતું. જેને નિહાળવા સંસ્થા સંચાલિત સ્કૂલોના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

SARDAR GURJARI

27 JUL 2017

# સેમકોમ કોલેજમાં ફાઇન આર્ટ્સ સ્પર્ધા તથા પ્રદર્શન યોજાયું



આણંદ;તા. ૨૬ ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે તાજેતરમાં ફાઇન આર્ટસ સ્પર્ધા તથા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ હતું.

ઓન ધી સ્પોટ પેઇન્ટીગ, કલે મોડેલિંગ, કાર્ટુનીગ, રંગોળી, પોસ્ટર મેકિંગ, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ અને એનવાયરેમન્ટ ફ્રેન્ડલી ક્રિએટીવ આર્ટ એન્ડ ક્રાફ્ટ જેવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ સ્પર્ધામાં કુલ ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ગ્લોબલ વાર્મિગ, સ્વચ્છતા અભિયાન, સેવ વોટર, સેવ ગર્લ ચાઇલ્ડ જેવા વિષયોને લઇને પોસ્ટર બનાવયા હતા. જયારે કલે મોડેલિંગમાં લાગણીઓ દર્શાવતી, પ્રાણીઓ વગેરે ઉપર ઘણી બધી પ્રતિકૃતિઓ બનાવી હતી.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે સીવીએમ કોલેજ ઓફ ફાઇન આર્ટસના પ્રાધ્યાપકો ક્રિષ્ના પંડ્યા અને અવની પટેલે સેવાઓ આપી હતી.

આ સ્પર્ધાના અંતમાં સ્પર્ધકો દ્વારા રચાયેલ કૃતિઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રદર્શન નિહાળવા વિદ્યાનગરની આરપીટીપી સ્કૂલ, એમયુ પટેલ સ્કૂલ, ટીવી પટેલ સ્કૂલ, આઇબી પટેલ સ્કૂલ, વીસી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓ સહિત મુલાકાતીઓએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓની કામગીરીને બિરદાવી હતી.

આચાર્ય ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ પ્રા. પટેલ અને ડૉ. કોમલ મિસ્ત્રીના સહિયારા પ્રયાસથી કાર્યક્રમનું આયોજન કરાયું હતુ.

# સેમકોમ કોલેજના વિદ્યાર્થીઓ એક દિવસના શૈક્ષણિક પ્રવાસે

આણંદ, તા. ૨૨

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજના એસવાય બીબીએમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસક્રમના ભાગરૂપે ગોબ્લેજ સ્થિત હન્દિસ્તાન કોકા કોલા બેવરેજીસ અને નડીયાદ સ્થિત શાહ પેપર પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ૫૩ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી.




સેમકોમ કોલેજના નવા વિદ્યાર્થીઓએ કોકાકોલા ગ્લોબજ કંપનીની મુલાકાત લઈને માહિતી મેળવી હતી.

ગુજરાત ગોબલેજ સ્થિત હિન્દુસ્તાન કોકા કોલા બેવરેજીસ પ્રા.લિ. બોટલીંગ પ્લાન્ટમાં કેટલાક ઠંડા પીણા જેવા કે કોક, થમ્સઅપ, માઝા, લીમ્કા, પલ્પી ઓરેન્જ વિગેરે ઉત્પાદન અને પેકેજીંગ કરવામા આવે છે. જ્યારે નડીયાદ સ્થિત શાહ પેપર પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રિઝમાં ૧૦૦ ટકા નિકસલક્ષી પ્લાસ્ટીક ઉત્પાદનોનું ઉત્પાદન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને આ બન્ને કંપનીઓના વિવિધ ખાતાઓ અને વિવિધ પાસાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આચાર્ય ડો. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ કો-ઓર્ડિનેટર ડો. રીના દવે અને ડો. અજયરાજ વ્યાસના સહીયારા પ્રયાસથી આ મુલાકાત સફળ રહી હતી.

23 JUL 2017

NAYA PADAKAR

# સેમકોમ કોલેજના વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવાસે



આણંદ, તા. ૨૪ ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજના એસ.વાય. બી.બી.એ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસક્રમના ભાગરૂપે ગોબ્લેજ સ્થિત હિન્દુસ્તાન કોકા કોલા બેવરેજીસ અને નડિયાદ સ્થિત શાહ પેપર પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની ૫૩ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. ગુજરાતના ગોબ્લેજ સ્થિત હિન્દુસ્તાન કોકા કોલા બેવરેજીસ પ્રા. લિ. બોટલીંગ પ્લાન્ટમાં કેટલાક ઠંડા પીણા જેવા કે કોક, થમ્સઅપ, માઝા, લીમ્કા, પલ્પી ઓરેન્જ વિશે ઉત્પાદન અને પેકેજીંગ કરવામાં આવે છે. જ્યારે નડિયાદ સ્થિત શાહ પેપર પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રિઝમાં ૧૦૦ ટકા નિકાસલક્ષી પ્લાસ્ટિક ઉત્પાદનોનું ઉત્પાદન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને આ બંને કંપનીઓના વિવિધ ખાતાઓ અને વિવિધ પાસાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતાં.

આચાર્ય ડો. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ કો-ઓર્ડિનેટર ડો. રીના દવે અને ડો. અજયરાજ વ્યાસના સહિયારા પ્રયાસથી આ મુલાકાતનું આયોજન કરાયું હતું.

25 JUL 2017

SARDAR GURJARI

NAYA PADAKAR

27 JUL 2017

# સેમકોમ કોલેજ ખાતે રંગમંચ સ્પર્ધાનું આયોજન




સેમકોમ કોલેજના વિદ્યાર્થીઓ રંગમંચ કાર્યક્રમ રજૂ કરતા નજરે પડે છે.
(તસવીર : સલીમ-મમતા સ્ટુડિયો, વિદ્યાનગર)

આણંદ, તા. ૨૬

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા રંગમંચ સ્પર્ધાનું આયોજન બીવીએમ ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું.

રંગભૂમિમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા મંચ પુરું પાડવામાં આવે છે. આ સ્પર્ધા આંતરવર્ગીય સ્પર્ધા હતી જેમાં બી.કોમ., બીબીએ, બીસીએ, બીબીએ આઈટીએમના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેઓએ માઈમ, સ્કીટ, એકપાત્રી નાટક વિગેરે ભજવ્યા હતા.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે જાણીતા રંગભૂમિ કલાકાર કનુભાઈ પટેલ, પ્રદિપ પટેલ, જાણીતા ફિલાન્સ રાઈટર, ડાયરેક્ટર અને અભિનેતા મિ. દિપ વૈદ્ય જાણીતા રંગભૂમિ કલાકાર અભિનેતા અને કોમેડિયને પોતાની સેવાઓ આપી હતી.


આ પ્રકારની સ્પર્ધા યોજવાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને એક મંચ પુરુ પાડવાનો છે. જેમાં વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત કુશળતાને ઉભરવાનો છે. અને આના દ્વારા ભવિષ્યમાં થિયેટર કલાકાર, અભિનેતા, કોમેડિયન અને પ્રોડયુસર તરીકે વિદ્યાર્થીઓના વિકાસમાં મદદરૂપ બની રહે છે.

આચાર્ય ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના વડા ડૉ. પ્રિતી લુહાના અને કો.ઓર્ડીનેટર પ્રા. જો મેરી જયોર્જ અને પ્રા. જેનીતા પટેલના સહીયારા પ્રયાસથી આ સ્પર્ધા સફળ થવા પામી હતી.

NAYAPADAKAR

10 JUL 2017

# સેમકોમ કોલેજમાં રંગમંચ અંગે કાર્યશાળા યોજાઈ



સેમકોમ કોલેજ ખાતે તાજેતરમાં રંગમંચ ઉપર યોજાયેલ કાર્યશાળામાં વિદ્યાર્થીઓને જાણીતા સ્ટેન્ડઅપ કોમેડીયન દીપ વૈધ વ્યાખ્યાન આપી રહ્યા છે. (તસ્વીર : સલીમ મમતા સ્ટુડીયો, વિદ્યાનગર)

આણંદ,તા.૯

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે થીયેટર કાર્યશાળાનું તા. ૫ જુલાઈના રોજ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે સેમકોમ કોલેજના પૂર્વ વિદ્યાર્થી દિપ વૈદ્ય ઉપસ્થિત હતા. હાલમા દીપ વૈદ્ય કોમેડી ફેકટરીમાં સ્ટેન્ડઅપ કોમેડીયન તરીકે કાર્યરત છે. તેઓનું નાટક લીસન વી નીડ ટુ ટોક ઘણું વિખ્યાત થયું છે. બીકોમ, બીબીએ, બીબીએઆઈટીમ, બીસીએના કુલ ૧૦૩ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યશાળામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓને વન એકટ પ્લે, માઈમ, સ્કીટ અને મીમીકીમાં કેવી ભાષા, ગાયન, સંગીત નૃત્ય હાવભાવનો કેવી રીતે ઉપયોગ કરવો તેની માહિતી આપવામાં આવી હતી. આ પ્રકારની કાર્યશાળા વિદ્યાર્થીઓને રંગમંચને લગતી સ્પર્ધાઓ માટે તૈયાર થવામાં મદદ મળી રહેશે અને તેમની કામગીરીનો વિકાસ થશે.

આચાર્ય ડો. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ કો. ઓર્ડિનેટર પ્રા. જો મેરી જ્યોર્જ, અને પ્રા. જેનીતા પટેલના સહીયારા પ્રયાસથી આ કાર્યશાળા સફળ રહી હતી.


SARDAR GURJARI

1-1 JUL 2017

1

# સાંસ્કૃતિક કાર્યક્રમના માધ્યમથી મેનેજરીયલ સ્કીલ્સ શીખવતી સેમકોમ કોલેજ





આણંદ, તા. ૩૦

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા પ્રથમ વર્ષમાં પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં અભિમુક્તા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમ્યાન બી.કોમ. બી.બી.એ., બી.સી.એ. અને બી.બી.એ. (આઈટીએમ)માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને સેમકોમ, ચારૂતર વિદ્યામંડળ અને વલ્લભ વિદ્યાનગરના ઈતિહાસ અને વિશિષ્ટતાઓથી માહિતગાર કરાયા હતાં. કોલેજના પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓને સેમકોમની વિશિષ્ટ કામગીરીમાં કઈ રીતે ગોઠવાઈ જવું તે રીતે પ્રોત્સાહિત કર્યા હતાં. ત્યારબાદ વિદ્યાર્થીઓને અમૂલની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતાં. કાર્યક્રમના બીજા દિવસે વિદ્યાર્થીઓને સેમકોમની વિવિધ પોલીસી, અટેન્ડન્સ સિસ્ટમ, ઈતર પ્રવૃત્તિઓ, કોલેજના નિયમો વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતમાં સર્વ વર્ગના વિદ્યાર્થીઓ માટે તેમના કલા અને હુન્નર પ્રદર્શન માટે સાંસ્કૃતિક સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૨૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.

આચાર્યા ડો. વહિદા થોમસ, વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના વડા ડો. પ્રિતિ લુહાના, કાર્યક્રમના કો-ઓર્ડિનેટર રેનીલ થોમસ અને તમામ વર્ગના વર્ગશિક્ષકના સહિયારા પ્રયાસથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

SANDESH

-2 JUL 2017

# સેમકોમ કોલેજમાં અભિમુખતા કાર્યક્રમ યોજાયો

વલ્લભવિદ્યાનગર : ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બીકોમ, બીબીએ, બીસીએ, બીબીએ-આઈટીએમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને કોલેજ, સીવીએમ તેમજ શહેરના ઐતિહાસિક પાસાઓની જાણકારી આપવામા આવી હતી.

SARDAR GURJARI

3 JUL 2017

# સેમકોમ કોલેજમાં અભિમુખતા કાર્યક્રમ

આણંદ,તા.૨

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ,વિદ્યાનગર દ્વારા પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બીકોમ, બીબીએ, બીસીએ, બીબીએ-આઈટીએમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને કોલેજ, સીવીએમ તેમજ શહેરના ઐતિહાસિક પાસાઓની જાણકારી આપવામાં આવી હતી.

SANDESH

- 8 JUL 2017

# સેમકોમ કોલેજમાં રંગમંચ અંગે કાર્યશાળા યોજાઇ




વલ્લભવિદ્યાનગર ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે તાજેતરમાં થિયેટર કાર્યશાળાનું ૫ જુલાઈના રોજ આયોજન કરવામા આવ્યુ હતું. કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે કોલેજના ભૂ.પૂ.વિદ્યાર્થી દિપ વૈદ્યએ સેવા આપી હતી. હાલમાં દિપ વૈદ્ય કોમેડી ફેકટરીમાં સ્ટેન્ડઅપ કોમેડીયન તરીકે કાર્યરત છે. તેઓનું નાટક લીસન વી નીડ ટુ ટોક ઘણુ વિખ્યાત થયુ હતું. પ્રિ. ડૉ.વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ કો.ઓર્ડી પ્ર.ા જો મેરી જયોર્ડ, અને પ્રા. જેનીતા પટેલના સહિયારા પ્રયાસથી કાર્યશાળા સફળ રહી હતી.

SARDAR GURJARI

8 JUL 2017

# સેમકોમ કોલેજમાં થિયેટર અંગે કાર્યશાળા યોજાઈ



આણંદ,તા.૭

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજમાં તાજેતરમાં થીયેટર કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા તરીકે સેમકોમ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી દીપ વૈદ્યે સેવા આપી હતી. હાલમાં દીપ વૈદ્ય કોમેડી ફેક્ટરીમાં સ્ટેન્ડઅપ કોમેડીયન તરીકે કાર્યરત છે. તેઓનું નાટક 'લીસન વી નીડ ટુ ટોક' ઘણું વિખ્યાત થયું હતું.

બીકોમ, બીબીએ, બીબીએઆઈટીએમ, બીસીએના કુલ ૧૦૩ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યશાળામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓને વન એક્ટ પ્લે, માઈમ, સ્કીટ અને મીમીક્રીમાં કેવી ભાષા, ગાયન, સંગીત નૃત્ય હાવભાવનો કેવી રીતે ઉપયોગ કરવો તેની માહિતી આપવામાં આવી હતી.

આચાર્ય ડો. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ કો. ઓર્ડિનેટર પ્રા. જો મેરી જ્યોર્જ અને પ્રા. જેનીતા પટેલના સહિયારા પ્રયાસથી આ કાર્યશાળા સફળ રહી હતી.